सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૭ | ૦૩ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૦૭ | ૦૩ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૩ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૬ |

**મે. નવમા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં**

**ગાંધીધામ–કચ્છ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૬૯/૨૦૨૬**

**આંક :**

અરજદાર : – **શીવજીભાઈ લખુભાઈ બવા**

ઉ.વ. ૨૫, ધંધો: ટ્રાન્સપોર્ટ,

રહે. પ્લોટ નં.૨૭૩, બવા ફળીયું,

મહાવીરનગર, અંતરજાળ, આદીપુર–કચ્છ.

**વિરૂધ્ધ**

સામાવાળા : – **શ્રી ગુજરાત સરકાર.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી આર.ટી.લાલચંદાણી**

**સામાવાળા– સરકાર તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી**

## બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન મેળવવા બાબત અરજી.

## –: ઠ રા વ :–

(૧) અરજી તથા સાથે રજૂ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા. અરજદારના વિ.વ.શ્રી આર.ટી.લાલચંદાણીની દલીલો સાંભળી, તથા સામાવાળા /સરકારશ્રી તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવીની દલીલો સાંભળી તથા ત.ક.અ.શ્રીનું એફડેવીટ તેમજ પોલીસ પેપર્સને લક્ષમાં લીધેલ.

(૨) અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર/આરોપી ગાંધીધામ ''એ'' ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯ ૩૦૦૬૨૬૦૨૨૮/૨૦૨૬ ના કામે બી.એન.એસ. કલમ–૩૦૩(૨), ૨૨૧,૨૮૫ મુજબનો ગુનો તા.૨૪–૨–૨૦૨૬ સુધીમાં બનેલો. જેથી સદર ગુનાના કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા અરજદાર/આરોપીની ધરપકડના ચક્રો ગતિમાન થયેલ હોય, હાલની આ આગોતરા જામીન મેળવવાની અરજી આપ નામ. કોર્ટમાં દાખલ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે.

(૩) અરજદાર/આરોપી તર્ફે વિદવાન વકીલ શ્રી આર.ટી.લાલચંદાણી નાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, ફરીયાદી ખાણ ખનીજ વિભાગમાં રોયલ્ટી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવે છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદમાં ડમ્પરના નંબર જણાવેલા નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદ કે તપાસ કરનાર અમલદારના એફીડેવીટમાં ઈરાદાપુર્વક ૩૦ ટન માટીની કિંમત

જણાવેલી નથી. સદર કામે ફરીયાદ ૨૦ કલાક મોડી આપવામાં આવેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨) મુજબના ગુનામાં ત્રણ વર્ષની સજાની જોગવાઈ છે. બી.એન.એસ.ની કલમ–૨૨૧ અને ૨૮૫ જામીનલાયક ગુનો છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨) અરજદારને લાગુ પડતી નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર સ્થાનિક રહેવાસી છે. અરજદાર નામ.કોર્ટ ફરમાવે તેવી શરતોનું પાલન કરવા તૈયાર છે. જેથી, સદર તમામ હકીકતો ધ્યાને લઈ હાલના અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૪) સામાવાળા/સરકારશ્રી તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, સહઆરોપી ડંપર વાહનમાં ખનીજ ચોરી કરી નીકળેલ તે દરમ્યાન ડંપરનો પીછો કરતા હાલના અરજદાર/આરોપી પોતાના કબજાની ક્રેટા કાર ફરીયાદીની કારની આડી ચલાવી રસ્તો રોકવાનો પ્રયાસ કરતા હોવાના કારણે ફરીયાદી ડમ્પરના નંબર જોઈ શકેલ નહી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ક્રેટા ગાડીના માલીક પેરલાઈઝ હોઈ તેઓ બનાવના દીવસે ગાડી ચલાવતા ન હતા. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, બનાવ સમયનો વીડીયો પેનડ્રાઈવમાં જેમાં આરોપી ગાડી ચલાવતો હોવાનું ફરીયાદી ઓળખી બતાવે છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આરોપીએ પોલીસ દવારા આપેલ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આરોપીએ તપાસમાં સહકાર આપેલ નથી.

વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સદર કામે તપાસ નાજુક તબકકામાં હોઈ, અરજદારને આગોતરા જામીન મળવાથી તપાસ ઉપર વિપરીત અસર થઈ શકે તેમ હોવાથી હાલની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૫) બન્ને પક્ષકારો તર્ફેના વિધ્વાન વકીલશ્રીઓની રજૂઆતો ધ્યાને લીધી, અરજદારની અરજી, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, ફરીયાદ તથા તપાસ કરનાર અમલદારશ્રીનું એફીડેવીટ વંચાણે લીધા. આરોપી સામેનો આક્ષેપિત ગુનો ગાંધીધામ ''એ'' ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૬૨૬૦૨૨૮/૨૦૨૬ ના કામે બી.એન.એસ. કલમ-૩૦૩(૨), ૨૨૧,૨૮૫ મુજબનો ગંભીર પ્રકારનો ગુનો છે. સદર ગુનાના કામે ફરીયાદની હકીકત ધ્યાને લેવામાં આવે તો, આ કામના ફરીયાદી ખાણ ખનીજ વિભાગમાં રોયલ્ટી ઈન્સ્પેકટર તરીકે નોકરી કરતા હોઈ અને તેઓ ફરજ પર હાજર હતા તે દરમ્યાન આરોપી નં.ર ડમ્પર વાહનમાં ખનીજ ચોરી કરી નીકળેલ તે દરમ્યાન તે ડંપરનો પીછો કરતા આરોપી નં.૧ નાએ પોતાના કબજાની હયુંન્ડાઈ કંપનીની ક્રેટા ગાડી રજી.નં.જીજે.૩૯.સીએ.૬૦૫૭ વાળી રોડ પર આડી અવળી ચલાવી, ફરીયાદીને કાયદેસરની ફરજમાં રુકાવટ કરી અડચણ ઉભી કરતા તે દરમ્યાન ડમ્પર ચાલક તકનો લાભ મેળવી ગાડીમાં ભરેલ માટી પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તેવી રીતે જાહેર રોડ પર ખાલી કરી પોતાનું વાહન લઈ નાશી જઈ ખનીજ ચોરી કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ છે.

સદર કામે અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન અરજી ડિસાઈડ કરતી વખતે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ ની જોગવાઈ ધ્યાને લીધી તથા નામ. વડી અદાલતના ગુરૂબક્ષસિંગ સિબિયા વિગેરે વિ. સ્ટેટ ઓફ પંજાબ ૧૯૮૦(૦) એ.આઈ.આર. (એસ.સી.) પાના નં. ૧૬૩૨ તથા સિધ્ધરામ સતલિંગગપ્પા મ્હાત્રે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને બીજા ૨૦૧૧ એ.આઈ.આર.(એસ.સી.) પાના નં. ૩૧૨ ના ચુકાદાઓ ધ્યાને લીધા. અરજદાર/આરોપી સામે ગાંધીધામ ''એ'' ડીવી. પો.સ્ટે. ગુ.ર. નં.૧૧૯૯૩૦૦૬૨૬૦૨૨૮/૨૦૨૬ ના કામે બી.એન.એસ. કલમ–૩૦૩(૨),૨૨૧,૨૮૫ મુજબનો ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. સદર ગુનાના કામે હાલના અરજદાર/આરોપીનો રોલ ધ્યાને લેતા, સહ આરોપી ડંપર વાહનમાં ખનીજ ચોરી કરી નીકળેલ તે દરમ્યાન ડંપરનો પીછો કરતા હાલના અરજદાર/આરોપી પોતાના કબજાની ક્રેટા કાર ફરીયાદીની કારની આડી ચલાવી રસ્તો રોકવાનો પ્રયાસ કરી ફરીયાદની ફરજમાં રુકાવટ કરી ગુનો કરેલાનો આક્ષેપ છે. વધુમાં આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. ફરિયાદપક્ષની રજુઆત મુજબ આરોપી સામે પ્રથમદર્શનીય કેસ જણાય આવે છે, સદર કામે પોલીસ પેપર્સ ધ્યાને લેતા, તપાસ હાલ નાજૂક તબકકામાં છે જેથી આરોપીઓને સાથે રાખી તપાસ કરવી જરૂરી છે. આવા સંજોગોમાં આરોપીઓને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો પોલીસ તપાસને નુકશાન થાય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. તેમજ ગુનાના કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પેપર્સનું પ્રથમદર્શનીય રીતે મુલ્યાંકન કરતા આરોપીની હાજરીની શકયતા નકારી શકાય નહી.

આમ, આરોપી સામેનો ગંભીર ગુનો તેમજ તપાસ નાજુક તબકકામાં હોઈ અને આરોપીને સાથે રાખી તપાસ કરવી જરૂરી હોય હાલના કેસમા અત્રેની અદાલતને બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૨ અન્વયે મળેલી વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો હાલના તબકકે યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી. આથી હાલની અરજી લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

અરજદાર/આરોપી શીવજીભાઈ લખુભાઈ બવા, રહે. પ્લોટ નં. ૨૭૩, બવા ફળીયું, મહાવીરનગર, અંતરજાળ, આદીપુર–કચ્છ નાઓની ગાંધીધામ ''એ'' ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૬૨૬ ૦૨૨૮/૨૦૨૬ ના કામે બી.એન.એસ. કલમ–૩૦૩(૨),૨૨૧,૨૮૫ મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન ઉપર મુકત થવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

ચુકાદો આજ રોજ તા.૧૩મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ગાંધીધામ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

ગાંધીધામ–કચ્છ.
તા.૧૩–૦૩–૨૦૨૬

**(લલિત દિલીપ વાઘ)**
**નવમા એડીશનલ સેશન્સ જજ**
**ગાંધીધામ–કચ્છ.**
**(જજ કોડ નં.જીજ૦૧૦૮૭)**